# મોક્ષમાર્ગ રહસ્ય પ્રકાશક નિષ્કારણ કરુણામૂર્તિ મુમુક્ષુજીવોના પરમ હિતસ્વી જિનવાણી મર્મજ્ઞ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ૮૫મા જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે કોટી કોટી વંદન !!



**નિશ્ચયરત્નત્રય પ્રાપ્ત, પરમાગમ-સુધાના રહસ્યજ્ઞ, જિનમાર્ગ પ્રતિ અખંડ નિષ્ઠાવાન, જેમની નિષ્કારણ કરુણાને નિત્ય સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, મોહસ્વંયભૂરમણ સમુદ્રને ભુજાએ કરી તરી ગયા, એવા હે પ્રખર પુરુષાર્થના સ્વામી! ભાવઅપ્રતિબદ્ધપણે વિચરનારા, આપના પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્ પ્રતીતિ હો, એ ભાવનાસહિત આપના ચરણોમાં ભક્તિ-પુષ્પ અર્પણ કરીએ છીએ !**

**- ‘સ્વાનુભૂતિપ્રકાશ’ પરિવાર**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૫ : અંક-૨૪૦, વર્ષ-૨૨, નવેમ્બર-૨૦૧૭

## અષાઢ સુદ ૪, બુધવાર, તા.૨૨-૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૪૨, પ્રવચન-૧૫

**'પોતાનું શરીર જ નિશ્ચયથી તીર્થ અને મંદિર છે.'** આ અંદરનું આવ્યું હવે.

**तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि वुत्तु।**
**देहादिवलि देउ जिणु एहउ जाणि णिरुतु।।४२।।**

શ્રુતકેવળી ભગવાન, જે જ્ઞાનમાં પૂરા સર્વજ્ઞ આદિ અથવા શ્રુતકેવળીઓએ **'તીર્થક્ષેત્રોમાં અને દેવમંદિરમાં પરમાત્મા દેવ નથી...'** એમ કહ્યું છે. પણ **'णिरुतु'** હોં! **'णिरुतु'** એટલે નિશ્ચયથી. સમજાણું કાંઈ? શ્રુતકેવળી અને ભગવાન, સંતોએ બહાર દેવાલયમાં દેવ નથી, પરમાત્મા ત્યાં નથી (એમ કહ્યું છે). નિશ્ચયથી પરમાત્મા નથી. નિશ્ચયથી પરમાત્મા દેહદેવળમાં તારો આત્મા બિરાજે છે. સમજાણું કાંઈ?

**'નિશ્ચયથી એમ જાણ...'** જોયું? નિશ્ચયથી છે ને પાઠ? **'णिरुतु'** એવું જાણ, એમ. **'देहादिवलि जिणु देउ'** **'શરીરરૂપી દેવાલયમાં જિનદેવ છે.'** ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપે બિરાજમાન આત્મા છે, એને તું ઓળખ અને એની પૂજા કર, એ દેવની પૂજા છે. સમજાણું કાંઈ? ઓલા કુતીર્થને લઈને હવે અહીં થોડું બહારનું નાખ્યું છે. ન્યાં ને ન્યાં ભટક્યા કરે, 'સમેદશીખર' ને આ અહીં છે ને 'શેત્રુંજય', ન્યાં જાણે ભગવાન છે. ત્યાં તો ભગવાનની સ્થાપના છે. ખરા ભગવાન પણ ત્યાં નથી, ઈ પર ભગવાન પણ ખરા ત્યાં નથી, એમ કહે છે. શું કીધું? જે ભગવાનની સ્થાપના કરી છે એ ખરા ભગવાન પણ ત્યાં નથી. ખરા ભગવાન તો સમવસરણમાં બિરાજમાન તીર્થંકરપણે એ ખરા ભગવાન છે અને ત્યાં તો એને જોઈશ તો શરીર ને વાણી તને એકલા દેખાશે. ભગવાન નહિ દેખાય. એનો આત્મા નહિ દેખાય. એ આત્મા ક્યારે દેખાય? કે તું તારો દેખીશ તો એનો આત્મા તને જણાશે. એના આત્માનું જ્ઞાન ક્યારે થાય કે આ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર છે? એ રાગરહિત તારા આત્માનું જ્ઞાન તું કર ત્યારે આ ભગવાનઆત્મા છે એમ તને ખ્યાલ આવશે. નહિતર તો શરીર, વાણી દેખાશે. સમવસરણ દેખાશે, માણસો દેખાશે, ઈન્દ્રો દેખાશે. આહાહા..! ઉપરથી આવ્યા જાણે, ગંગાધર ને વિદ્યાધર ને... સમજાણું? સાક્ષાત્ પરમાત્મા બિરાજતા હોય તો ત્યાં તને શું દેખાશે? પરમાત્મા, એનો આત્મા દેખાશે? એનો આત્મા ક્યારે દેખાશે? કે, તું પોતે જ્યારે એને રાગની આંખ્યું છોડી દઈ, પરને જોવું છોડી દઈ અને સ્વને જોવા જા ત્યારે તારો આત્મા જણાશે (અને ત્યારે) પરમાત્મા આવા હોય (એમ જણાશે). સમજાણું કાંઈ?

**'શરીરરૂપી દેવાલયમાં જિનદેવ છે.'** બહારમાં તો વ્યવહાર છે. શુભભાવ, પુજા, ભક્તિનો શુભભાવ વ્યવહાર (છે) પણ પરમાર્થે ત્યાં દેવ છે (એમ નથી). તારો એ નથી અને પરમાર્થે ભગવાન બિરાજે (છે),

જે આત્મા, એ આત્મા અહીં નથી. એ તો સ્થાપના નિક્ષેપ છે. અને સ્થાપના નિક્ષેપમાં પણ સ્થાપનામાં ભગવાનના ગુણ ગાય છે ને? કે મૂર્તિના ગુણ ગાય છે? ભગવાન આવા, તમે ભગવાન આવા, તમે ભગવાન આવા, તમે ભગવાન આવા. પણ એ આત્માની દૃષ્ટિ હોય તો એને આવા શુભભાવના ભાવને વ્યવહાર કહેવામાં આવે. પણ જેને આત્મદૃષ્ટિ નથી અને એકલું ત્યાં જ ભાળે છે એને કહે છે કે, આત્મા દેવ અહીં છે, ન્યાં બહારમાં ક્યાંય નથી. તારો દેવ મૂકીને બીજા દેવને પૂજવા જા, એ પૂજન સાચું નહિ થાય. સમજાણું કાંઈ? એની વિશેષ વ્યાખ્યા કરશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ ૫, ગુરુવાર, તા.૨૩-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૪૨, પ્રવચન-૧૬

ખરેખર શરીર જ તીર્થ અને મંદિર છે. સમજાણું કાંઈ? આ શરીર જ આત્માને તીર્થ અને મંદિર (છે). કેમકે આત્મા અહીં વસે છે. બાહ્ય મંદિરમાં કંઈ આ આત્મા વસતો નથી. આત્માને જોવો અને જાણવો, અનુભવવો હોય તો કંઈ (એ) મંદિરમાં નથી. પ્રતિમામાં નથી તેમ સાક્ષાત્ ભગવાન છે એમાં પણ આ આત્મા નથી. સમજાણું કાંઈ? આ આત્માને જોવો હોય, જાણવો હોય તો આ શરીરરૂપી તીર્થ અને મંદિરમાં એ દેખાશે. એ આત્મા ક્યાંય ભગવાન પાસે નથી. સમવસરણમાં નથી કે ત્યાં એની સામું જોયે આ આત્મા દેખાય.



મુમુક્ષુ : નમૂનો તો સાચો છે.

ઉત્તર : નમૂનો અહીં હોય કે ન્યાં હોય?

મુમુક્ષુ : મંદિરમાં નહીં?

ઉત્તર : ના, ના. એમાં બિલકુલ નહિ. આ આત્મા ત્યાં છે કે અહીં છે? નમૂનો અહીં છે કે ત્યાં છે? કહો. ઈ તો અહીં ૪૨ (ગાથામાં) સિદ્ધ કરવું છે. સમજાણું?

**'तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि वुत्तु'** શ્રુતકેવળી ભગવાન, શ્રુતકેવળી ભગવાન એમ કહે છે. આ નિશ્ચયની વાત છે ને? **'देहादिवलि देउ जिणु एहउ जाणि णिरुतु'** દેહરૂપી દેવાલયમાં આ જિનેશ્વર બિરાજે છે. જુઓ! આ વાસ્તવિક તત્ત્વ. એ તો ભગવાન છે એ કંઈ ભાવનિક્ષેપે ત્યાં નથી. પ્રતિમા અને મંદિર છે ઈ ત્યાં ભાવનિક્ષેપે ભગવાન છે? એ તો સ્થાપના છે.

અહીંયાં શરીર અને આ તીર્થ છે. આ શરીર એ મંદિર છે કે જેમાં ભગવાન પોતે અંદરમાં જાય તો તીર્થ થાય, તરવાનો ઉપાય મળે. કહો, સમજાણું આમાં? મોટા વાંધા આમાં આવ્યા હતા ને? ને આ ગાથામાં એને સંઘે બહાર કર્યા હતા. આવો અર્થ પહેલા કર્યો ત્યારે. વાડામાં રહેવા દ્યે? એ..ઈ...! અરે...! અમારું મંદિર.. અમારે મંદિર..! પણ ઈ મંદિરમાં તારો આત્મા ન્યાં ક્યાં છે? તારા આત્માના

દર્શન ને આત્માને જોવો અને આત્માનું તીર્થ કરવું છે કે પરનું કરવું છે તારે? હેં?

મુમુક્ષુ : ઘણા વર્ષો સુધી દેરાસરમાં હતા સ્થાનકવાસી છે ઈ.

ઉત્તર : ઈ હતા. બધી ખબર છે. બધી ખબર છે, કેટલા વર્ષ પહેલાની ખબર છે. 'લાલન' અમારી પાસે રહ્યા હતા ને!

શ્રુતકેવળી પાછી ભાષા છે, હોં! ૪૨. શ્રુતકેવળી એમ કહે છે. '**वुत्तु-वुत्तु**'. કે, દેહદેવળમાં '**देउ जिणु**' એમ જાણ. '**णिरुतु**' આ દેહદેવાલયમાં ભગવાન છે. એમ કરીને સિદ્ધ કરે છે કે, ભાઈ! તારો આત્મા તો અહીં છે. આત્મા પૂર્ણાનંદનો નાથ અખંડ આનંદ, એ આ શરીરમાં બિરાજે છે એની સામું તું અંદર જો તો તને આત્મા મળશે કે ત્યાં મંદિરમાં દેખ્યે આત્મા મળશે? સમજાણું કાંઈ? શું છે આમાં? ભાઈ! કોયડો કઠણ થાતો જાય છે. આ બધું છે ઈ ઉથાપાય જાય છે. એમ કહે છે. ક્યાં ગયા? પણ ઈ તો શુભભાવમાં એ ભગવાન કેવા હતા એ સ્મરણ કરવામાં એ નિમિત્ત છે. સ્મરણ કરે તો. પણ સ્મરણ ભગવાન કેવા હતા ઈ. અને એ ભગવાન કેવા હતા એવો હું છું, એવું જાણવાનું તો અહીં આત્મામાં છે. કહો, સમજાણું આમાં?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કેવા હતા એનું સામે એક પ્રતિબિંબ છે (કે) આવા ભગવાન. એ ભગવાનનું સ્મરણ. પર ભગવાન, હોં! સમજાણું કાંઈ? એમાં શુભભાવમાં એ નિમિત્ત હતું. આત્મા ન્યાંથી પ્રાપ્ત થાય છે કે ભગવાન સાક્ષાત્ બિરાજતા હોય ન્યાંથી આત્મા પ્રાપ્ત થાય છે? એ.. ભાઈ! ભારે વાતું. એક કોર મૂર્તિ સ્થાપવી, મંદિરો થાવા અને વળી કહે કે, એમાં ભગવાન નથી. હેં? ત્યાં ભગવાન હોય તો પછી અહીં અંદર જોવાનું રહેતું નથી. આમ જ જોયા કરે. આમ જોયે આ આત્મા દેખાય એવો છે? એમ અહીં તો કહે છે. ન્યાં જોયે કે ભગવાનની સામું જોયે, સાક્ષાત્ ભગવાન હોય, ન્યાં જોયે આ ભગવાન દેખાય એવો છે? આ દેહ દેવાલયને તીર્થ અને મંદિર કહેવામાં આવે છે, જ્યાં ભગવાનઆત્મા બિરાજે છે, પરમાનંદ નિજ પરમાત્મા. એને જોવાને માટે આ શરીર જ તીર્થ અને મંદિર છે. એવો વ્યવહાર છે, શુભભાવ છે.

મુમુક્ષુ : તો તો પછી ઉદાસીન ને પ્રેરકમાં કોઈ ફેર રહે જ નહીં.

ઉત્તર : બધા અહીં ઉદાસીન જ છે. પ્રેરક-ફેરક કોઈ છે જ નહિ. પ્રેરક તો એની ગતિવાળું હોય કે ઈચ્છાવાળું હોય તો એ અપેક્ષાએ પ્રેરક કહેવાય. બીજાના કાર્ય માટે કોઈ પ્રેરકમાં ફેર છે એમ છે નહિ. અમારા પંડિતજી તો કાંઈ બોલે નહિ, આ બતાવ્યું તોપણ. સાંભળી લીધું. આ બે થઈને એક નાખ્યું આણે ઉદાસીન પ્રેરક. ઉદાસીન પ્રેરક વળી શું? કરાવે કાંઈક, એનાથી થાય, શાસ્ત્રના વાક્યથી કાંઈક જ્ઞાન થાય. અહીંથી અહીં (જ્ઞાન) થાય? ધૂળમાંય થતું નથી. સાંભળને. એ તો પર સંબંધીનું જે જ્ઞાન થાય એ પણ તારાથી થાય તેમાં નિમિત્ત કહેવાય છે. એમાં સ્વસંબંધીનું જ્ઞાન દેહ સંબંધી થતું જ નથી. શાસ્ત્રના વાક્યો એ નિમિત્તરૂપે થાય કે મંદિર આદિ નિમિત્તરૂપે થાય એ તો પરસંબંધીના જ્ઞાનમાં સ્મરણમાં નિમિત્તરૂપે છે. ઉપાદાન તો ત્યાં પોતાનું છે. સમજાણું કાંઈ? અને પોતાના સ્મરણને માટે એ નિમિત્ત ઉપર લક્ષ કરે ત્યારે સ્મરણ થાય પોતાનું? શાસ્ત્રવાક્ય હોય તોપણ એ વાક્ય આમ છે એમ જણાવે છે એ તો પરસંબંધીનું જ્ઞાન, એ હજી પરલક્ષીજ્ઞાન છે, એમાં પણ ઉપાદાન તો પોતાનું જ છે. વાક્ય નિમિત્તમાત્ર છે.

ભગવાન આવા હતા, મંદિરમાં જઈને (જોવે કે) ભગવાન આવા હતા એના સ્મરણમાં સ્મરણ તો પોતાનું ઉપાદાન છે. એમાં એ નિમિત્ત છે. આ ઉપાદાનના સ્મરણમાં આ આત્મા આવે છે? સમજાણું કાંઈ? અહીંયાં આટલી વાત સિદ્ધ કરવી છે અને પછી બીજા શ્લોકમાં બીજી રીતે સિદ્ધ કરવી છે.

ભગવાનઆત્મા, દેખો! 'ન મંદિરમાં, ન તીર્થક્ષેત્રમાં, ન ગુફામાં, ન પર્વત પર, ન નદીના

તટ પર,...' ક્યાંય આ આત્મા નથી. છે આત્મા ક્યાંય? તો જ્યાં નથી તેને પરમાર્થ મંદિર અને તીર્થ કેમ કહેવાય? છે તો આ શરીરમાં છે. એને મંદિર અને આને તીર્થ કહેવાય કે જે અંદરમાં જોતાં આત્માનું જ્ઞાન થાય. સમજાણું કાંઈ? 'અત્યાર સુધીમાં જેણે પરમાત્માને જોયા છે તેણે પોતાની અંદર જ જોયા છે.' લ્યો! ઓલી કોર લખ્યું છે. ૧૭૪ પાને. સમજાણું કાંઈ? ૧૪૨નું છે ને! જે અત્યાર સુધી અનંતા આત્માઓ જે થયા, એણે આત્માને દેખ્યો એટલે અંદરમાં દેખ્યો છે. કે બહાર દેખ્યો છે? કે બહાર વડે દેખ્યો છે? કહો, સમજાણું કાંઈ? અહીં તો ઉથાપે છે એ તો શુભમાં ભગવાન કેવા હતા એના સ્મરણમાં નિમિત્તમાત્ર (છે), પણ ત્યાં જ માની લ્યે કે, આ ભગવાન છે અને આનાથી મારો આત્મલાભ થાશે, તો આત્મા તો અહીં છે, ન્યાં ક્યાં હતો? સમજાણું કાંઈ? તીર્થ ને મંદિરે ભટક્યા ભટક (કરે છે). જાણે ન્યાંથી મોક્ષ મળી જશે. જાણે આત્મા ન્યાંથી આવી જશે. સમ્યગ્દર્શન, જ્ઞાન. સમ્યગ્દર્શન, જ્ઞાન તો અંતર દૃષ્ટિ કરે ત્યારે પ્રાપ્ત થાય એવું છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! સમજાય છે? એ તો પછી બીજી વાત કરી છે.

અહીં તો આપણે એટલું (લેવું છે કે), '**વર્તમાનમાં પરમાત્માનું દર્શન કરનાર પણ પોતાના શરીરની અંદર જ દેખે છે, ભવિષ્યમાં પણ જે કોઈ પરમાત્માને જોશે તે પોતાના શરીરરૂપી મંદિરમાં જ જોશે.**' ત્રણકાળની વાત સિદ્ધ કરી. આપણે સાર સાર એમાંથી (લઈએ છીએ). સમજાણું કાંઈ? અનંત કાળમાં જેટલા આત્માઓ થયા, મોક્ષને પામ્યા કે સમ્યગ્દર્શન, જ્ઞાનને પામ્યા એ અંદર આત્માની ભીતરમાંથી-અંતરથી પામ્યા છે. કહો, બરાબર હશે? હેં? અને વર્તમાન પામે તે પણ અંતરમાં દર્શન કર્યે પામે છે. ભવિષ્યમાં પામશે તો અંતરમાં આ આત્માને જોયે અંદર આત્મા મળશે. આ આત્માને કોઈ ભૂતકાળમાં બહારથી દેખીને માન્યા, વર્તમાનમાં વળી અંદરથી દેખીને પામે અને ભવિષ્યમાં વળી બીજી રીતે પામે, એમ હશે? સમજાણું કાંઈ?

ચાહે તો તીર્થ હોય 'સમેદશીખર' ને ચાહે તો 'શેત્રુંજય' ને ચાહે તો મંદિર (હોય), બધા ભગવાન સર્વજ્ઞ પરદ્રવ્ય કેવા હતા એના સ્મરણ માટે નિમિત્ત છે. સમજાણું કાંઈ? આત્માનું સ્મરણ, એટલે સ્મરણ ક્યારે થાય? કે, પહેલો એનો અવગ્રહ, વિચારધારા થાય ત્યારે ને? તો એને પકડીને વિચારધારા ક્યાંથી પ્રગટે? અંદર લક્ષ કરે ત્યારે પ્રગટે કે બહારના લક્ષે પ્રગટે? હેં? તો શેના આ બધા મોટા મંદિર કરાવો છો? આ ત્રણ-ત્રણ લાખના મંદિર! સારું થાય છે. 'રામજીભાઈ' કહે છે, તમારે 'અમદાવાદ'માં સારું થશે, હોં! મોટા શેઠિયા કહેવાઓ છો. ભલે એના છોકરાના બાપ તો કહેવાઓ. કહો, સમજાણું કાંઈ? સાધારણ ન પાલવે. પ્રમુખ તમારા છે કે નહિ? ઈ તમને કહે છે. કહો, સમજાણું આમાં? આહાહા..! સમજાય છે કાંઈ?

આ આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદ સંપન્ન છે, તો આ આત્માની પ્રાપ્તિ આત્મા સામું જોઈને થાય એવું છે કે પર સામું જોઈને થાય એવું છે? આ આત્મા અંતરમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવો આત્મા બિરાજમાન અહીં છે. હવે એ આત્માને સામું જોવું હોય તો ક્યાં જોવું? આમ (બહાર) જોવું? અંતરમાં અંદર દેખ્યે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક છે, એ તો અંતરમાં દેખ્યે એ ભાવ જણાય એવો છે. માટે ખરેખર આત્માને આ દેહ એ જ દેવાલય છે, દેહ એ જ દેવાલય છે અને દેહ એ જ તીર્થ છે કે જ્યાં આત્મા પ્રાપ્ત થાય છે. બીજા દેહ અને દેવાલયમાં ન્યાં કંઈ આત્મા પ્રાપ્ત થાય એવો નથી. આહાહા..! ભારે વાત કરી છે. ભાઈ!

મુમુક્ષુ : છ આવશ્યકમાં દેવ દર્શન તો પહેલું આવે છે.

ઉત્તર : દેવદર્શન છે ને. પરદેવને? કે આ દેવ? કયા (દેવ)? આ શું ચાલે છે? આ ૪૨ મી ગાથામાં

શું કીધું? જુઓ! **'तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि'** તીર્થમાં, દેવમાં આ દેવ નથી. તીર્થમાં અને દેવાલયમાં આ દેવ નથી એમ શ્રુતકેવળી કહે છે.

મુમુક્ષુ : એતો પર છે ને તેથી.

ઉત્તર : એ તો પર છે. ન્યાં ક્યાં આ આત્મા હતો? એ માટે તો માંડી છે અહીં.

યોગ-અંદર આત્માનો યોગ. આમ જોડાય એ આમ જોડાય? મંદિર ને તીર્થમાં જોયે આત્મા જોવાતો હશે? સમજાણું કાંઈ? આહા! ભારે વાત.

'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર સંત છે. એ પોતે ૪૨ માં કહે છે. એલા, શરીર ખરેખર તીર્થ નથી. બધું બહાર ઊડાડી દીધું. અહીં જા અને અંદર જો, એમ કહે છે. લોકોને રાડ પડી જાય. હાય.. હાય..! સાંભળને! એ તો ભગવાન કેવા હતા એનું જ્ઞાન પરોક્ષ કરવા સ્મરણમાં એ નિમિત્ત છે. સમજાણું? અથવા જ્યાં જ્યાં ભગવાન મોક્ષ પધાર્યા ત્યાં આગળ ઉપર બિરાજે છે. એનું સ્મરણ (થાય) કે, ઓહોહો..! પણ એ તો પરના દ્રવ્યના પરમાત્માના સ્મરણમાં એ નિમિત્ત છે. આ ભગવાનઆત્માના સ્મરણ માટે તો અંદરમાં જાય તો સ્મરણ થાય એવું છે. આહાહા..! હેં?

મુમુક્ષુ : પોતાના હિત માટે પણ નિમિત્ત સામું જોવું જ નહીં?

ઉત્તર : નિમિત્ત સામું જોયે, આને જોયો નથી, એમ છે. આ 'યોગસાર' છે. યોગ એટલે આત્મા શુદ્ધ ચિદાનંદમાં જોડાવું, એકાકાર થવું. એ આમ (બહારમાં) એકાકાર થયે આમ (અંદર) એકાકાર થાય એમ છે નહિ. એ. ભાઈ! પહોંચ્યા તો ત્યાં વળી ચોંટ્યા, ત્યાં મુક્તિ અને મોક્ષ છે. એ તો એક શુભભાવ હોય છે ત્યારે સ્મરણમાં ભગવાનના સ્મરણ માટે આવા ભગવાન હતા, એ સ્મૃતિને પાછી વાળવી છે અંદરમાં. એ સ્મૃતિ તો પરલક્ષી થઈ છે. સમજાણું કાંઈ? એવા સર્વજ્ઞ પરમેશ્વર, એવો હું છું એવું એને અંતરમાં જાય તો એની શક્તિની પ્રતીત થાય. કે બહારમાં દેખ્યે પ્રતીત થતી હશે? 'સમેદશીખર' દેખે ને 'શેત્રુંજય' દેખે. બે હજારના જૂના દેવળ છે ને પાંચ હજારની જૂની પ્રતિમા છે, એનાથી પણ લાખ વર્ષ જૂની હોય. તો શું છે? પણ આ અનંતકાળનો જૂનો આ આત્મા છે ઈ? હેં? આહાહા..!

જ્યારે જે જીવો અનંત થયા, એણે આ આત્મામાં અંતર જોયું. આત્મા અનંત આનંદકંદ છે. એમ અંતર જોયું ત્યારે આત્માની પ્રાપ્તિ થઈ. કોઈ દિ' બહાર દેખીને આત્માની પ્રાપ્તિ થાય એવું ભૂતકાળમાં કોઈ જીવનું બન્યું નથી. વર્તમાનમાં બનતું નથી, ભવિષ્યમાં બનશે નહિ. જે જીવ, આત્મા અખંડાનંદ પ્રભુ, શુદ્ધ ધ્રુવ ચૈતન્ય(માં) અંતર યોગ કરશે, જોડશે ત્યારે એનું જ્ઞાન થશે અને ત્યારે એનું કલ્યાણ થશે. આહા..! કહો, સમજાણું કાંઈ? પછી તો એણે લાંબી વાતું કરી છે, એનું કાંઈ નહિ.

**'કોઈ સાધુની મૂર્તિ જોઈને પ્રશ્ન...'** કરે. લ્યો! સાધુની મૂર્તિને દેખીને કોઈ પ્રશ્ન કરે તો એ સાચી વાત છે? એ મૂઢ છે કે નહિ? ન્યાં ક્યાં સાધુ હતા? (એ તો) સાધુની મૂર્તિ છે. સમજાણું કાંઈ? મૂર્તિ દેખીને પૂછે કે, મહારાજ! આનું શું? તું મૂઢ છો. ન્યાં ક્યાં સાધુ હતા? એ તો સ્થાપના છે. એમ ભગવાનની સ્થાપના (કરી હોય એમાં) ક્યાં ભગવાન ન્યાં હતા? સમજાણું કાંઈ? એટલું થોડું થોડું ઠીક છે. કોઈ કોઈ બોલ હવે ૪૩.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (નવેમ્બર-૨૦૧૭)નું શુલ્ક**
**સ્વ. શ્રી પરિચન્દ્ર ઘોષાલ પરિવાર, કોલકાટા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,**
**જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૮૬૫ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૨–૦૩–૧૯૮૫, પ્રવચન નં. ૫૦૪ (વિષય : વિધિ)**

**બધાનો સાર એ છે કે તારો પરને જાણવાનો રસ્તો ને પરમાં સ્વાદ માની રાગનો સ્વાદ લેવાનો રસ્તો શાંતિનો નથી તેથી તું દુઃખી થઈ રહ્યો છે. વિષયોનો સ્વાદ નથી ને વિષયોનું જ્ઞાન નથી. પણ રાગનો સ્વાદ છે, ને જ્ઞાનનું જ્ઞાન છે. વિષયો પર છે. રાગ ક્ષણિક છે, સ્વભાવમાં નથી ને જ્ઞાનપર્યાય જ્ઞાન સ્વભાવવાનની છે. એમ રાગ રહિત નિત્ય જ્ઞાનસ્વભાવીની દૃષ્ટિ થાય. આમ સમજે તો નિમિત્તબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટીને સ્વભાવ બુદ્ધિ થાય-ધર્મ થાય. ૮૬૫.**

૮૬૫. આ બોલમાં જ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું છે. આમ તો જ્ઞાન એ પોતે પણ બહુ ગહન વિષય છે. જ્ઞાન પોતે પણ ઘણો ગહન વિષય છે. યથાર્થપણે એને સમજાય તો આખો આત્મા સમજાય એવો છે. અને કલ્પના કરે તો ગૃહીત મિથ્યાત્વનો પ્રસંગ આવે. શરૂથી લઈએ.

મુમુક્ષુ :- જ્ઞાન સમજાય તો આખો આત્મા સમજાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનનું સ્વરૂપ યથાર્થપણે સમજાય તો આખો આત્મા સમજાય એવું છે. જેવું જ્ઞાનનું સ્વરૂપ છે એવું જો સમજાય તો આખો આત્મા આવો છે એમ સમજાય જાય છે. અનંત ગુણના ભેદ પાડ્યા વિના અનંતગુણસ્વભાવી, અનંત ગુણનું અખંડ અભેદ સ્વરૂપ કેવું છે એ એક જ્ઞાનથી સમજાય જાય છે. એટલે એ દૃષ્ટિકોણથી જોઈએ તો જ્ઞાનને સમજવું એ આત્માને સમજવા બરાબર છે. અને તેથી જ્ઞાનને સમજવું, જ્ઞાનનું સ્વરૂપ સમજવું એ ઘણો ગહન વિષય થઈ જાય છે. અનાદિથી પોતે જ્ઞાન દ્વારા જાણવાનું કાર્ય કરતો હોવા છતાં જેના દ્વારા એ જાણવાનું કાર્ય કરે છે એવા જ્ઞાનનું સ્વરૂપ જ પોતે જાણ્યું નથી. અને તેથી પોતાનું સ્વરૂપ એણે જાણ્યું નથી, એથી એણે આત્મા જાણ્યો નથી. આમ થયું છે. બહુ રસીક વિષય છે. મુદ્દાનો વિષય, મહત્ત્વનો વિષય છે.

શું કહે છે ગુરુદેવ? કે '**બધાનો સાર એ છે કે...**' સર્વ આગમોનો સાર એ છે કે '**તારો પરને જાણવાનો રસ્તો અને પરમાં સ્વાદ માની રાગનો સ્વાદ લેવાનો રસ્તો શાંતિનો નથી...**' શું કહે છે? કે પર તરફ લંબાઈને જે રીતે તું પરને જાણી રહ્યો છે તે તારો પરને જાણવાનો રસ્તો શાંતિનો નથી, બલ્કે અશાંતિનો રસ્તો છે, એમ કહેવું છે. પરને જાણવાની રીત તારી જે છે એ અશાંતિ ઉત્પન્ન કરે એવી છે. એટલે કે તારું જ્ઞાન પરને જાણવા જાય છે ત્યારે પરને અવલંબે છે, પર સાથે એકત્વ અધ્યાસ કરે છે તે અશાંતિને ઊભી કરે છે, રાગદ્વેષમોહને ઊભા કરે છે એ તને દુઃખનું કારણ

થાય છે.

અહીંયાં જ્ઞાન દુઃખનું નિમિત્ત છે. અમારે હમણાં Accident જેવું થયું. ઓચિંતા કોઈ મરી જાય એટલે Accident થાય. તો કહે પહેલેથી ખબર પડતી હોય તો સારું. એક ચર્ચા ચાલી હતી. કોઈ કહે કે સારું અને કોઈ કહે કે નહિ સારું. સારું એટલા માટે કે કાંઈ તૈયારી કરવી હોય તો કરી લઈએ. વીલ કરવું હોય તો કરી લઈએ. ડોક્ટરને બોલાવવા હોય તો બોલાવી શકાય. પૂર્વ તૈયારી કાંઈક વ્યવસ્થા વિચારવી હોય તો વિચારી શકાય. કોઈ કહે કે એ સારું નહિ પછી એમ થાય કે અરેરે..! મરી જાશું. અરેરે..! મરી જાશું. જાણવા-જાણવામાં ફેર છે. એટલે ચર્ચા ચાલી એમ કે સારું કે નહિ સારું એ તો યોગ્યતા ઉપર આધાર રાખે છે.

જેમ કે દેવને ખબર પડે છે. છ મહિના પહેલા એની માળા મુર્જાઈ છે એટલે એને ખબર પડે છે કે હવે અહીંથી છ મહિનામાં જવાનું છે. તો જે મિથ્યાદષ્ટિ દેવ છે એ ઝુરી ઝુરીને મરે છે, એને અત્યંત અત્યંત આકુળતા થાય છે. કેમ કે પર્યાયબુદ્ધિ હોવાને લીધે તેને તે પર્યાય છોડવી નથી, તેને તે સંયોગો છોડવા નથી. ત્યાં એનો પરિવાર છે એ એને છોડવો નથી. અને સમ્યગ્દષ્ટિ દેવ તો મનુષ્ય થવાના છે. એ તો આયુષ્ય પૂરું થયા પહેલા જ એ મનુષ્યગતિને ભાવનામાં ભાવે છે કે ક્યારે હું મનુષ્ય થાઉં? ક્યારે હું મારા સ્વરૂપનું આરાધન કરીને પૂર્ણ થાઉં. કેમ કે મોક્ષ તો મનુષ્ય સિવાય નથી. એને કાંઈ એ દુઃખ નથી થતું. જાણવા તો બેયને મળે છે. સમ્યગ્દષ્ટિ દેવને પણ જાણવા મળે છે અને મિથ્યાદષ્ટિ દેવને પણ જાણવા મળે છે. તો જાણવું એ દુઃખનું કારણ કે સુખનું કારણ નથી પણ સુખ-દુઃખ થાય એમાં એના જાણવાના પ્રકારને નિમિત્ત ગણવામાં આવે છે. એટલી વાત છે.

અહીંયાં પહેલા નાસ્તિથી લીધું છે કે '**તારો પરને જાણવાનો રસ્તો...**' છે એટલે પરને જાણવાની તારી જે રીત છે '**ને પરમાં સ્વાદ માની...**' અને પરને અનુભવ કરવાની જે તારી પદ્ધતિ છે પરિણામમાં એ શાંતિનો ઉપાય નથી, એ અશાંતિનો ઉપાય છે. પરપદાર્થનો સ્વાદ લેવો એટલે પરપદાર્થનો અનુભવ કરવો. જે જીવ પરપદાર્થનો અનુભવ કરે છે, એમ માને છે તેને તે પદાર્થ સારો કે નરસો છે એમ અનુભવ થયા વિના રહેતો નથી. કાં તો એ પદાર્થને સારો ગણે છે, કાં તો તે પદાર્થને ખરાબ ગણે છે. એમ પરપદાર્થના અનુભવમાં ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિ થયા વિના રહેતી નથી.

ગુરુદેવ અહીંયાં કહે છે કે '**તેથી તું દુઃખી થઈ રહ્યો છે.**' તને દુઃખ ઉપજવાનું કોઈ મૂળ કારણ હોય તો તારા જ્ઞાનમાં જે પરિણમવાની પદ્ધતિ છે એ ખોટી છે. એ પદ્ધતિ બદલવી જરૂરી છે. અને એ તારી પદ્ધતિ બદલાય તો તારું દુઃખ મટે. બાકી કોઈ રીતે દુઃખ નહિ મટે. સંયોગો વધશે તો પણ સંયોગોનો અનુભવ કરનાર, સંયોગોને ભોગવનાર હું એમાં આકુળતા વધશે, અશાંતિ વધશે.

પહેલા સંયોગો નહોતા વધ્યા ત્યારે વધારવામાં તને સુખ છે એવી આશા થઈ હતી કે જો મને સંયોગોની અનુકૂળતા થઈ જાય તો હું સુખી રહું. પણ સંયોગો વધ્યા પછી અશાંતિ રહી ત્યારે એ ધારણા જૂઠી છે એવી એ ખાતરી કરે તો કાંઈક વિચાર થાય એને બીજો કે કાંઈક વિચાર કરવા જેવો વિષય છે ખરો. પણ એમ ને એમ સંયોગો વધારવામાં ને વધારવામાં એનું આયુષ્ય પૂર્ણ કરે છે અને અશાંતિ વધારી વધારીને અવગતિને અથવા દુર્ગતિને પ્રાપ્ત કરે છે.

મુમુક્ષુ :- જ્ઞાની અહીંયાં કઈ પદ્ધતિ અપનાવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની પોતાના જ્ઞાનનો આસ્વાદ લે છે અને પરપદાર્થનું જ્ઞાનમાં, પોતાના જ્ઞાનમાં પ્રતિબિંબ પડે ત્યારે પણ માત્ર જ્ઞાતાદષ્ટા રહે છે. ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિએ પરિણમતો નથી. અથવા જ્ઞાની પરપદાર્થને હું અનુભવું છું એવો અધ્યાસ કરતો નથી. એવી જ્ઞાનમાં એને ભ્રમણા થતી નથી. તેથી પરપદાર્થ જાણવા છતાં પોતાનું જ્ઞાન ભિન્ન રહે છે એમ ભિન્ન જ્ઞાનને વેદતા-વેદતાં ભિન્ન જ્ઞાનને અનુભવતા-અનુભવતા પરિણમે છે તેથી તેને બંધન નથી. એમ કહ્યું છે. તેથી તેને બંધન

નથી.

આ વિષય ઉપર સમયસારની એક ગાથા છે. ૩૧૬ નંબરની ગાથા છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. એમાં સર્વવિશુદ્ધજ્ઞાન એટલે ચોખ્ખું જ્ઞાન-નિર્મળજ્ઞાન-સમ્યગ્જ્ઞાન કેવું હોય એના ઉપર અજ્ઞાનીનો દૃષ્ટાંત છે. જ્ઞાની અને અજ્ઞાનીની બેયની વાત એક જ ગાથામાં છે.

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.**

આ સંક્ષેપમાં ગાથા છે. એની ટીકા કરી છે કે '**અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે...**' પોતે શુદ્ધ આત્મા છે. સ્વ સ્વરૂપે મૂળ સ્વરૂપે અસલ સ્વરૂપે એક શુદ્ધાત્મા પોતે છે એવા '**જ્ઞાનના અભાવને લીધે સ્વપરના એકત્વજ્ઞાનથી,...**' પરપદાર્થ જ્ઞાનમાં પ્રતિબિંબ થાય છે, નિમિત્ત પડે છે ત્યારે તે એકત્વ કરી લે છે. એમાં બે વચ્ચે એને જુદાપણું, જાણનાર અને જણાનાર જુદા છે એવો ભેદ અનુભવમાં રહેતો નથી એ રીતે એ જાણે છે તેથી અશાંતિનો ઉપાય છે.

પોતાના શુદ્ધ જ્ઞાનના અભાવને લીધે, નિર્ભેળ આત્માના (જ્ઞાનના) અભાવને લીધે અથવા ભિન્ન આત્માના જ્ઞાનના અભાવને લીધે '**સ્વપરના એકત્વજ્ઞાનથી, સ્વપરના એકત્વદર્શનથી અને સ્વપરની એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી...**' જેવો પ્રકૃતિનો ઉદય છે એવો ભાવ મને થાય છે, મારામાં થાય છે, નજીક હોવાથી એનું પ્રતિબિંબ આવે છે ચૈતન્યમાં. તેથી પ્રકૃતિ સ્વભાવમાં સ્થિત હોવાથી. '**પ્રકૃતિના સ્વભાવને પણ હુંપણે અનુભવતો થકો...**' પ્રકૃતિના સ્વભાવને હુંપણે અનુભવતો થકો '**કર્મફળને વેદે છે-**' એ કર્મનો વિપાક આવ્યો છે એ ફળ છે. એને વેદે છે અથવા '**ભોગવે છે;...**' આ અજ્ઞાનીની સ્થિતિ છે.

'**અને જ્ઞાની તો...**' કર્મનો ઉદય તો જ્ઞાનીને પણ છે. પૂર્વ કર્મ છે ને? પૂર્વ કર્મ સંચિત કર્મનો સમયે સમયે જ્ઞાનીને પણ ઉદય છે, પૂર્ણ વીતરાગ સિદ્ધ ન થાય ત્યાં સુધી. '**અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે સ્વપરના વિભાગજ્ઞાનથી, સ્વપરના વિભાગદર્શનથી અને સ્વપરની વિભાગ પરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો હોવાથી...**' પ્રકૃતિ તો ઉદયમાન છે એને. પણ ત્યાંથી એ જુદો પડેલો હોવાથી, ખસી ગયેલો હોવાથી, છૂટી ગયેલો હોવાથી '**શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ હુંપણે અનુભવતો થકો...**' હવે જ્ઞાનનું સ્વરૂપ વિચારીએ, જે શરૂઆતમાં વાત કરી.

જ્ઞાનનું જાણવું એવો જે એનો સ્વભાવ છે, એમ હુંપણું કરવું, હુંપણે જાણવું એવો એનો સ્વભાવ છે. એને ભોગવવું એમ કહેવામાં આવે છે. જાણવું અને હુંપણે જાણવું. વિશેષ. તો એ વિશેષતાએ એ જે કરે છે એ જો પોતામાં કરે તો સમ્યક્ છે અને પોતાને છોડીને ક્યાંય પરમાં કરે તો મિથ્યા છે અથવા અસમ્યક્ છે.

જ્ઞાની તો પોતાના શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ હુંપણે અનુભવતો થકો '**ઉદિત કર્મફળને,...**' ઉદય-વિપાકમાં આવેલા કર્મને '**તેના જ્ઞેયમાત્રપણાને લીધે,...**' પછી એને એમ જણાય છે આ તો માત્ર જાણવાનો વિષય છે. જે કાંઈ પ્રકૃતિનો સ્વાદ છે રાગ, દ્વેષ, મોહ ચારિત્રમોહના છે ને બધા? એ બધો ઉદય ચારિત્રમોહનો છે. એને દર્શનમોહનો તો ઉદય નથી. તો એ માત્ર જાણવાનો વિષય છે. એનો સ્વાદ એને જણાય છે. પણ એ જાણવાના વિષય, માત્ર જાણવાના વિષય તરીકે જણાય છે.

તે '**જાણે જ છે, પરંતુ તેનું હુંપણે અનુભવાવું અશક્ય હોવાથી,..**' એમ કહે છે. એ એમ જાણે છે કે આ તો જ્ઞેયમાત્ર છે તેને પોતા સ્વરૂપે, મારા સ્વરૂપે જાણવું જ અશક્ય છે. હુંપણે એને અનુભવ કરવો એ જ અશક્યભાવ છે, એ અશક્ય પરિસ્થિતિ છે. એમ '**હોવાથી, (તેને) વેદતો નથી.**' તેને અનુભવતો નથી.

જ્ઞાનને જાણવું હોય તો જ્ઞાનના કેટલાક જે ધર્મો છે; વિજ્ઞાનની ભાષામાં જેને Character કહેવાય છે, પદાર્થના ધર્મોને Property કહેવાય છે વિજ્ઞાનમાં અને એના ધર્મોને Character કહેવાય છે. તો જ્ઞાનને કેટલા

Character છે? એના મુખ્ય મુખ્ય મુદ્દા જો વિચારીએ તો સ્વચ્છતા એ જ્ઞાનનો ધર્મ છે. અગ્રતા, ઊર્ધ્વતા, અગ્રતા, મુખ્ય રહેવું, આગળ રહેવું, તે જ્ઞાનનો ધર્મ છે. જુઓ! પોતાનામાં સાવધાન થવું, હુંપણે સાવધાન થવું એ પણ જ્ઞાનનો ધર્મ છે. શું છે અને શું નહિ એની તપાસ થઈ જવી જેને ચિકિત્સક ધર્મ કહેવાય છે. ચિકિત્સા એ જ્ઞાનનો ધર્મ છે. જ્ઞાનને બહુ ગહનતાથી જોવા જેવો વિષય છે. માત્ર જ્ઞાતાપણે રહેવું એ જ્ઞાનનો ધર્મ છે. અનેક ધર્મ છે જ્ઞાનના. આ તો મુખ્ય મુખ્ય મુદ્દા છે. પછી તો જેને જેટલી નિર્મળતા એટલી એને પોતામાં એના પડખાં જણાય છે. પણ આ બધા મુખ્ય મુખ્ય મુદ્દા છે.

જ્ઞાન એટલે એક એમ સમજી લેવું કે આ જ્ઞાન એટલે આ બધું જાણે તે જ્ઞાન, આ બધું જણાય છે તે જ્ઞાન. એમ જાણી લેવા જેવું નથી. જ્ઞાનનો વિષય ઘણો ગહન છે અને યથાર્થ સ્વરૂપે જો તે જણાય તો આખો આત્મા જણાય, એવું એનું સ્વરૂપ છે, અખંડ આત્મા જણાય એવું એનું સ્વરૂપ છે. તે જ્ઞાનથી અખંડ આત્મા, અભેદ આત્મા, પૂર્ણ આત્મા, પરિપૂર્ણ આત્મા, શુદ્ધ આત્મા, નિજ આત્મા જણાય એવું જ જ્ઞાનનું સ્વરૂપ છે.

અહીંયાં પ્રયોજનનો વિષય છે. શાંતિ અને અશાંતિ એ જીવને પ્રયોજનનો વિષય છે. એટલે સારભૂત વાત લીધી છે પ્રયોજનથી.

મુમુક્ષુ :- ...જ્ઞાનીને જ્ઞાનમાં તો જણાય છે .. છતાં જ્ઞાની તો ...

પૂજ્ય ભાઈશ્રી :- હવે શું છે કે ખાસ કરીને ઠીક-અઠીકપણું જીવને ઉદયમાન પદાર્થો, ઉદયનું જોડાણ હોય એવા પદાર્થોમાં થાય છે. બાકીના પદાર્થોમાં એને ઠીક-અઠીકપણું નથી થતું પણ ઉપેક્ષાબુદ્ધિ રહે છે. તમે આકાશનો દૃષ્ટાંત આપ્યો. પણ અમેરિકાનો કોઈ બનાવ જાણવામાં આવે. ઈરાક-ઈરાનનું યુદ્ધ આ હમણાં TV ઉપર આવે છે ને? ઈરાક-ઈરાનનું યુદ્ધ થાય. થોડું બતાવે છે-તોપ ફોડવાની બધી Tanker. તો એથી કાંઈ રાગ-દ્વેષ થતો નથી. સામાન્ય રીતે જેને જે પદાર્થોની સાથે સીધો ઉદયગત સંબંધ નથી, કર્મ અને નોકર્મરૂપ, ત્યાં એને ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ નહિ થાય. પણ તો પછી એ પ્રશ્ન થાય કે તો ત્યાં જ્ઞાને વિપર્યાસ શું કર્યો? જ્ઞાને વિપરીતપણું શું કર્યું? જ્ઞાની અને અજ્ઞાની બેયને એમ થાય, પ્રશ્ન છે એ તમારો બરાબર છે. તો પછી ત્યાં વિપર્યાસ કઈ જાતનો છે? કે કઈ રીતે તું જાણે છે? તું સ્વને વેદતો થકો સ્વમાં હુંપણું, જ્ઞાનમાં હુંપણું કરતો થકો આકાશ આદિ કે જેને પ્રયોજન નથી એવા પરપદાર્થને જાણે છો? કે (સ્વમાં) હુંપણું થતું નથી અને પરપદાર્થોને તું જાણે છો? ત્યાં શું થાય છે? કે ત્યાં એકત્વ થાય છે. ત્યાં અવલંબન આવે છે. પરને જાણતાં પરનું અવલંબન અને પરનું એકત્વ થાય છે. ત્યાં તે પદાર્થો મારા જ્ઞાનથી ભિન્ન છે એમ નથી જણાતું.

હવે એ જરા પ્રશ્ન થાય એવો છે કે એવું તો કાંઈ નથી કે એ Tankerને જોઈ, એ TVને જોયું એટલે મારામાં TV આવી ગયું છે એવો કાંઈ અનુભવ તો નથી થતો. પણ તેને હું જાણું છું. મને જાણતો નથી, મને વેદતો નથી પણ માત્ર તેને હું જાણું છું. સમયસારમાં દૃષ્ટાંત છે. આકાશ, ધર્મ, અધર્મ, કાળાણું અને પુદ્ગલ બધા અન્ય પદાર્થોનું દૃષ્ટાંત છે. અને ત્યાં અન્ય પદાર્થોના દૃષ્ટાંતમાં એને જાણું છું એવો દોષ લીધો છે. ત્યાં એને જાણું છું એટલે તેનાથી ભિન્ન રહીને હું જાણું છું એમ જાણવું થતું નથી. તેને જાણતા તેનાથી ભિન્ન રહીને હું જાણું છું એમ થતું નથી.

હવે એમ ક્યારે થાય? અને એમ ક્યારે ન થાય? એને વિચારીએ તો. જો પોતે પોતાને વેદતો થકો, પોતામાં હુંપણું કરે ત્યારે પોતે પોતાને વેદતો, પોતાને અનુભવતો થકો, જ્ઞાનમાં જે વેદકતા ધર્મ છે; અગ્રતા, સ્વચ્છતા એમ વેદકતા જે ધર્મ છે, એમાં પોતે પોતાને વેદે એવો જે એનો સ્વભાવ ધર્મ છે, એવું જો સ્વનું સંવેદન-વેદન ન રહે, સંચેતન ન રહે તો એ પરને જાણતા, પરમાં એકત્વ થાય છે. પણ એવું એકત્વ સૂક્ષ્મ થાય છે કે એને ત્યાં ખબર પડતી નથી. કેમ કે એકત્વ થતાં

જે આનુષંગિક રાગદ્વેષમોહ ઉત્પન્ન થવા જોઈએ એ એને તે વખતે દેખાતા નથી.

બીજા ઇષ્ટ-અનિષ્ટ પદાર્થમાં તો એકત્વબુદ્ધિને ત્યાં પણ નથી પકડી શકતો. ત્યાં જ્ઞાનના એકત્વને નથી પકડી શકતો પણ ત્યાં જે રાગદ્વેષમોહની તારતમ્યતા વધે છે ત્યાંથી નક્કી કરે છે કે કાંઈક જ્ઞાનમાં દોષ થાય છે, કાંઈક જાણવામાં દોષ થાય છે. આ અશાંતિ ઊભી થઈ, આ રાગ થઈ ગયો, આ દ્વેષ થઈ ગયો, આ મોહ થઈ ગયો એમ ત્યાંથી પકડે છે. પણ થાય છે તો ત્યાં એકત્વ. એકત્વને હજી નથી પકડતો. એકત્વને પકડે તો એકત્વ છૂટી જાય. એકત્વ ન રહે. કેમ કે ત્યાં તો એને બેનું એક કરવું એવું જે સંધાન છે એના ઉપર જ્ઞાન સૂક્ષ્મ થઈને જ્ઞાનની છીણી વાગી ગઈ. એટલે ભેદ પડી જાય. એકત્વમાં ભેદ પડતો નથી અને ભેદમાં એકત્વ થતું નથી. આ એનો નિયમ છે.

એટલે જો જ્ઞાન પોતાના સંચેતનમાં રહે, જો જ્ઞાન પોતાના વેદનમાં રહે તો જ એને એકત્વ ન થાય. નહિતર એને એકત્વ થાય. એકત્વ થાય ત્યારે સ્થૂળ રાગદ્વેષમોહ થાય. અને સ્થૂળ રાગદ્વેષમોહ ન પણ દેખાય, તો પણ એકત્વ નથી થતું (એમ નથી). એનું લક્ષણ શું છે? કે પોતે પોતાને વેદતો નથી, અનુભવતો નથી. એટલે જે રીત છે, પરને જાણવાની જે રીત છે એ અશાંતિની રીત છે એટલા માટે કહ્યું કે ભાઈ! તું તને જાણ, તું તને વેદ, આ રીતમાં તું આવ પહેલા. તું તને જાણ અને તું તારું વેદન કર. આમાં તું આવી જા. પછી પરપદાર્થો તારી જ્ઞાનની સ્વચ્છતાને કારણે પ્રતિબિંબિત થશે. એટલે જ્ઞાનમાં નિમિત્ત પડશે તો પણ તને હરકત નહિ થાય, અશાંતિ નહિ થાય, રાગદ્વેષમોહ નહિ થાય. એમ રીત બદલવાની છે. આટલી વાત છે.

મુમુક્ષુ :- ... લાગુ પડે કે નહિ? દરેક જીવ .. ગ્રહણ નથી કરી શકતો ... તો જ્યારે .. ત્યારે એની એકતાબુદ્ધિ તો છે જ...

પૂજ્ય ભાઈશ્રી :- એક્તાબુદ્ધિ તો એની સર્વત્ર છે. એટલે શું છે કે એ બધાની સાથે એણે મમત્વ કરેલું છે. એક પરમાણુમાં જેણે મમત્વ કર્યું છે એણે આખા જગતમાં મમત્વ કર્યું છે. એ ન્યાય છે ત્યાં. અને ક્રમે ક્રમે જાણવું થતું હોવા છતાં એ ઉપયોગમાં ક્રમે ક્રમે જાણવું થાય છે. લબ્ધમાં એવું નથી કાંઈ. લબ્ધમાં તો આખી દુનિયાને બાથ ભરીને પડ્યો છે. એમ વાત છે. એટલે એ લાગુ નથી પડતું. એ તો ઉપયોગમાત્રનો વિષય છે. એટલે જ્ઞાનના પર્યાયના પણ અંશનો વિષય છે. આખી પર્યાય તો બીજી રીતે કામ કરે છે. આખી પર્યાયમાં તો લબ્ધ અને ઉપયોગ થઈને આખી પર્યાય છે.

મુમુક્ષુ :- લબ્ધ અને ઉપયોગ..?

પૂજ્ય ભાઈશ્રી :- થઈને આખી પર્યાય છે. માત્ર ઉપયોગ એટલી જ આખી પર્યાય નથી. પણ લબ્ધ અંશ છે એ વિષયની વિચારણા અને એ વિષયનું ગ્રહણ, એ વિષયમાં ઊંડા ઉતરીને કરે ત્યારે સમજાય એવું છે. નહિતર સમજાતું નથી, પકડાતું નથી.

મુમુક્ષુ :- પરમાં જે એકત્વ થાય છે એ ન થાય તેના માટે...

પૂજ્ય ભાઈશ્રી :- પરમાં એકત્વ ન થાય એ તો ત્યારે (બને) કે સ્વમાં એકત્વ થાય તો પરમાં એકત્વ ન થાય. અને એ એક જ શાંતિનો ઉપાય છે. બીજો કોઈ શાંતિનો ઉપાય નથી.

અહીં તો હજી પહેલી લીટીમાં તો એટલી જ વાત છે **'કે તારો પરને જાણવાનો રસ્તો (રીત) ને પરમાં સ્વાદ માની રાગનો સ્વાદ લેવાનો રસ્તો...'** જુઓ! પરનો તું સ્વાદ લે છો પણ અમને ખબર છે કે તું પરનો સ્વાદ લઈ શકે એ તો પરિસ્થિતિ જ નથી, વસ્તુસ્થિતિ નથી. પણ મને આ લાડવો ગળ્યો લાગે છે અને તે સારો લાગે છે, મીઠાશ તે સારી છે, ગળપણ તે સારું છે એવો જે રાગ એનો તને સ્વાદ છે, એ પણ રસ્તો બરાબર નથી પરિણમવાનો, એ રીત પરિણમવાની બરાબર નથી. એ તને અશાંતિનો ઉત્પાદક છે, તને દુઃખનું ઉત્પાદક છે. આ એના દુઃખનું નિદાન કર્યું છે. જીવના દુઃખનું મૂળ અહીંયાં રહ્યું છે.

**'તેથી તું દુઃખી થઈ રહ્યો છે.'** હવે આ એક

વાક્ય છે. '**વિષયોનો સ્વાદ તને નથી...**' વિષયોનો સ્વાદ તને નથી, તારામાં નથી અને તને નથી એમ કહે છે. વિષયોનો સ્વાદ કેવો છે એવું જાણવું થતું હોય તો પણ તે વિષયોનો સ્વાદ તને નથી અને તારામાં નથી. આમ છે. જ્ઞાનમાં જ્ઞેય નથી. જે ગળપણ આદિ છે... દૃષ્ટાંતમાં સ્વાદનો દૃષ્ટાંત લઈ છીએ, બાકી તો બધા પુદ્ગલના ધર્મો જ્ઞેય છે અને જેટલા જ્ઞેયોમાં રાગ કરે છે એ બધાયને એનો સ્વાદ લીધો એમ કહેવાય, એનો આસ્વાદ લીધો એમ કહેવાય. માણસને આ કડવો-મીઠો અનુભવ થાય ત્યારે નથી કહેતા? કે કેમ ભાઈ! કેવો સ્વાદ આવ્યો તમને? નથી કહેતા? સ્વાદ એટલે અનુભવ.

અહીંયાં એમ કહે છે કે બીજા પદાર્થો જણાય છે પણ બીજા પદાર્થો અનુભવાતા નથી અથવા બીજા પદાર્થનો જ્ઞાન દ્વારા અનુભવ કરવો તે અશક્ય છે. બીજા પદાર્થનો જ્ઞાન અનુભવ ન કરી શકે. જાણી શકે, અનુભવ ન કરી શકે. કેમ કે અનુભવ કરવામાં હુંપણું આવે છે. અનુભવ તો હુંપણે થાય છે. જ્યારે પરપદાર્થમાં અને રાગમાં હુંપણે અનુભવ થાય છે ત્યારે તે અનુભવને મિથ્યા અનુભવ કહેવામાં આવે છે. કેમ કે વસ્તુસ્થિતિ નથી. એવી વસ્તુસ્થિતિ ખરેખર છે નહિ.

'**વિષયોનો સ્વાદ નથી ને વિષયોનું જ્ઞાન નથી.**' જ્ઞાનનું જ્ઞાન છે, વિષયોનું જ્ઞાન નથી. આનું અર્થઘટન બે રીતે થાય છે. એક તો જ્ઞાન કોનું છે? કે કોઈ પરપદાર્થનું જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન છે અથવા જ્ઞાનનું જ્ઞાન છે. બીજું કે જે જણાય છે એ તો અંદરમાં જે પ્રતિબિંબ પડે છે એ જ્ઞાનગોચર થાય છે. પરપદાર્થનું જે પ્રતિબિંબ પડે છે તે જ્ઞાનગોચર થાય છે ત્યારે એને પરપદાર્થને જાણ્યું એમ કહેવાય છે. શું કહેવું છે?

ફરીથી. કોઈ પરપદાર્થ જ્ઞાનમાં જ્ઞેયપણે નિમિત્ત થતું નથી એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ ઉડાડવાનો અહીંયાં પ્રશ્ન નથી. વિષયોનું જ્ઞાન નથી એવું એક વચન છે, ટૂકડો છે શબ્દનો કે વિષયોનું જ્ઞાન નથી એટલે જ્ઞેયોનું જ્ઞાન નથી. તો જ્ઞેય-જ્ઞાનનો સંબંધ નથી એમ કહેવું નથી. અથવા જ્ઞાનનો જે પોતાનો સ્વપરપ્રકાશક સ્વભાવ પોતાને લઈને છે તે જ્ઞાનને નથી એમ પણ કહેવું નથી. અથવા જ્ઞાનની નિર્મળતા, સ્વચ્છતાને લઈને અન્ય જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે તે થતાં નથી એમ પણ અહીંયાં કહેવું નથી. એવું કાંઈ કહેવું નથી. વિષયોનું જ્ઞાન નથી એમ કહીને એમ કાંઈ નથી કહેવું. જ્ઞાન જ્ઞાનનું છે અને જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં તે જ્ઞાનગોચર થાય છે તેથી જ્ઞાનનું જ્ઞાન છે એમ કહેવા માગે છે. વિષયોનું જ્ઞાન નથી, જ્ઞેયોનું જ્ઞાન નથી, પણ જ્ઞાનનું જ્ઞાન છે એમ કહે છે. એ અપેક્ષા છે.

'**વિષયોનો સ્વાદ નથી ને વિષયોનું જ્ઞાન નથી, પણ રાગનો સ્વાદ છે, ને જ્ઞાનનું જ્ઞાન છે.**' શું કહે છે? કે વિષયોનો તો સ્વાદ નથી. સ્વાદ છે એ રાગનો છે.

મુમુક્ષુ :- લાડવાનો સ્વાદ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. લાડવાનો સ્વાદ નથી પણ એની પર્યાયમાં જે રાગ છે એનો અનુભવ છે એમાં હુંપણું કરે છે. એવો અનુભવ કરે છે એટલે એનો સ્વાદ છે, એનો અનુભવ છે એમ કહ્યું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં એનું પ્રતિબિંબ આવે છે. સર્વ જ્ઞેયોના ધર્મો જે છે... જો જ્ઞાનને પકડીને અવલોકન કરવામાં આવે તો ચમત્કારિક એવો જે જ્ઞાનનો સ્વભાવ, એ જણાય છે કે અરે..! આ જ્ઞાન પરપદાર્થમાં નહિ જતું હોવા છતાં જ્ઞેયોના પ્રતિબિંબને બરાબર ઝીલે છે. પોતાની સ્વચ્છતાને લઈને, પોતાની જ નિર્મળતાને લઈને બરાબર બધા પ્રતિબિંબોને ઝીલે છે અને છતાં જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે, માત્ર જ્ઞાનરૂપે રહે છે, અવિકૃત જ્ઞાનરૂપે રહે છે, અવિકાર જ્ઞાનરૂપે રહે છે એ એક જ્ઞાનનો સ્તુતિપાત્ર ચમત્કાર છે. કેવો ચમત્કાર છે!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અદશ્યમાન એટલે શું?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના, એ દષ્યમાન એટલે એને રૂપ નથી. પણ એને શબ્દ તો છે ને? એટલે જ્ઞેયપણું

તો છે. શબ્દથી એનું જ્ઞેયપણું છે, કોઈને ગંધથી એનું જ્ઞેયપણું છે, કોઈને સ્પર્શથી એનું જ્ઞેયપણું છે. અને રંગ, વર્ણ હોય તો જ એને દશ્યમાનપણું કહીએ એ તો ચક્ષુ ઈન્દ્રિયના વિષયથી કહીએ. પણ જ્ઞાનમાં અનેક પ્રકારે જ્ઞેયોના ધર્મો પ્રતિબિંબિત થાય છે. પછી તે ગંધ હોય, શબ્દ હોય, સ્પર્શ હોય, ગમે તે પ્રકાર હોય. તો પણ જ્ઞાનમાં જાણવું થાય છે એમાં જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે.

પરપદાર્થોના પ્રતિબિંબિત થવાના કાળે પણ જ્ઞાન જ્ઞાનરૂપે જ રહે છે. જ્ઞાન જ્ઞેયરૂપે થતું નથી. હવે જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે એ દષ્ટિકોણથી જ્ઞાનને અવલોકવું છે. ભલે જ્ઞેયો પ્રતિબિંબિત થાય તો પણ જ્ઞાન માત્ર જ્ઞાનરૂપે રહે છે એ દષ્ટિકોણથી જ્ઞાનને જોવું જોઈએ. એ દષ્ટિકોણથી જ્ઞાનનું અવલોકન કરવું જોઈએ. અને એવો એક અભ્યાસ પાડવો જોઈએ, Practice પાડવી જોઈએ. આ રીત બદલવાની જરૂર છે.

શું કહ્યું? કે ભલે અન્ય જ્ઞેયો જ્ઞાનમાં જણાય. વેદના સુધીના, હોં! ડંકા તો હજી ઘડિયાળમાં પડે છે. કે બહારમાં રસ્તા ઉપરના વાહનો જાય અને અવાજ આવે અને ગમે તે થતું હોય, એ તો બધું ત્યાં થાય છે. પણ અહીંયાં જોવે તો એનું પ્રતિબિંબ અહીંયાં ઉઠે છે. પણ વેદના છે એ પણ જ્ઞાનનું જ્ઞેય છે. શરીરની જે વેદના છે એની હસ્તી જ્ઞાનમાં નથી, એની સત્તા જ્ઞાનમાં નથી. વેદના વેદનામાં છે અને જ્ઞાનમાં નથી. જ્ઞાન જ્ઞાનમાં છે. વેદના પ્રતિબિંબત થાય છે તો પણ જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે, અવિકાર રહે છે, વેદનારૂપે થતું નથી.

ભાઈનો હાથ કપાયો તે દિ' અમારે Ambulanceમાં આ ચર્ચા ચાલી હતી કે જુઓ! આ વેદના છે એની સત્તા જુદી છે, અંદરમાં જ્ઞાનની સત્તા જુદી છે. જ્ઞાનમાં વેદના નથી અને વેદનામાં જ્ઞાન નથી. ઉદય એ વખતે એ છે ને. ઉદયથી ભિન્ન પડવું છે.

બીજા પદાર્થથી ભિન્ન પડવામાં હજી એટલી સૂક્ષ્મતા નહિ આવે. જેમ કીધું આકાશાદિનું જાણવું. પણ જે ઉદયમાન પદાર્થ છે ત્યાંથી ભિન્ન પડવું જોઈએ. જ્યારે જેને Practice અને શરૂઆત કરવી છે ત્યારે. સહજ ભિન્નતા અને સહજ ભેદજ્ઞાન સિદ્ધ ન થયું હોય, જ્યાં સુધી એમાં સિદ્ધિ ન પ્રાપ્તિ થઈ હોય, ભેદજ્ઞાનની સિદ્ધિ ન થઈ હોય, ભેદજ્ઞાનની લબ્ધિ ન આવી હોય ત્યાં સુધી એ ભેદજ્ઞાનને સંપ્રાપ્ત કરવા માટે એને ઉદયના કાળે વેદના આદિના એવા તીવ્ર ઉદય છે એ તીવ્ર પ્રયોગની તક છે, પ્રયોગના પ્રસંગ છે એ. એ પ્રયોગના બહુ સારા પ્રસંગ છે, બહુ સારા સાધન છે. આ ગુમડું થયું હોય અને પાકના લબકારા અંદર ઊભા થતા હોય, માથુ હોય અને માથામાં લબકારા આવતા હોય, પેટમાં ગોળા થતા હોય, છાતીમાં ગભરામણ થતી હોય આ બધા જે પ્રસંગો છે એમાં ભિન્ન જ્ઞાન શું છે અને એ ભિન્ન જ્ઞાનમાં જણાય તે વેદના શું છે? એની ભિન્નતામાં જવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને ત્યાં જો આ પ્રયત્ન કરવામાં આવે તો કામ બહુ સહેલાઈથી થાય છે.

ખરે ટાણે જો હથિયાર હાથમાં ઉપાડવામાં તો અંદરથી અનંત સામર્થ્યનો ધણી આત્મા એની મદદે આવે છે. જો ખરે ટાણે લડાઈ કરે તો. અને જો ખરે ટાણે લડાઈનું મેદાન છોડીને પીઠ બતાવે તો મર્યો. ગયો એ. એ ઘેરાઈ જશે, રાગદ્વેષમોહમાં એ ઘેરાઈ જશે. એ હારી જશે. એટલે કોઈ પ્રતિકૂળતાના પ્રસંગે મુંઝાવા જેવું નથી. પહેલી વાત તો એ છે.

જ્ઞાનીને તો પ્રતિકૂળતા એ જ ખરેખર અનુકૂળતા છે. તેથી મૃત્યુ જેવા પ્રસંગને શાસ્ત્રની અંદર મહોત્સવ બતાવ્યો. જેમ ભગવાનની પ્રતિષ્ઠાનો આઠ દિવસ મહોત્સવ કરીએ છીએ અને એમાં ભગવાનને સારી રીતે મંદિરમાં, નિજ મંદિરમાં સ્થાપીએ છીએ. એને નિજમંદિર કહે છે. એમ આ મૃત્યુ મહોત્સવમાં પરિણામરૂપી શ્રદ્ધા-જ્ઞાનરૂપી નિજમંદિરમાં આત્માને સ્થાપવાનો પ્રતિષ્ઠા મહોત્સવ છે. પ્રતિકૂળતાનો કોઈ પ્રસંગ નથી. ખરેખર તો એમ છે. પ્રતિષ્ઠાનો અર્થ જ સારી રીતે સ્થાપવું. શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને, આચરણે કરીને સારી રીતે સ્થાપના કરવી કે જે સ્થાપના સાદિઅનંત કાળ પર્યંત ઉથાપવાનો સવાલ રહેતો નથી. આ તો હજી કોઈ કાળે

કરીને ઉથાપે પણ આ સ્થાપનાને કોઈ ઉથાપી શકે એવું નથી.

કહે છે કે '**રાગનો સ્વાદ છે,...**' જ્યારે તું પરપદાર્થનો સ્વાદ લઈ રહ્યો હોવાનું માને છે ત્યારે પણ તને રાગનો સ્વાદ છે અને ત્યારે તને જ્ઞાનનું જ્ઞાન છે. જે પરપદાર્થ જ્ઞાનમાં પ્રતિબિંબિત થયા અને એનું જ્ઞાનગોચરપણું થયું એનો તને અનુભવ છે. રાગનો અનુભવ છે અને જ્ઞાનનો અનુભવ છે એમ કહેવું છે. પણ રાગમાં હુંપણે અનુભવ હોવાથી જ્ઞાનનો અનુભવ તિરોભૂત થઈ જાય છે. જ્ઞાનવેદન તિરોભૂત થઈ જાય છે અને રાગવેદન આવિર્ભૂત થાય છે. એ જ પંદરમી ગાથામાં એ કહ્યું કે તું જ્ઞાનવેદનનો આવિર્ભાવ કર, જ્ઞાનનો આવિર્ભાવ કર અને રાગાદિને તિરોભૂત કર. આ વિધિ કહો, રીત કહો, જ્યાં વિધિ અને રીતને લાગેવળગે છે ત્યારે વિધિના પ્રકરણમાં આવિર્ભાવ અને તિરોભાવ જે થઈ રહ્યો છે એનાથી ઊલટું થવું જોઈએ. આટલી વાત છે.

મુમુક્ષુ :- જ્યાં વેદના થાય છે ત્યાં ઉપયોગ નહિ લગાવવો, જ્યાં વેદના જણાય છે ત્યાં ઉપયોગ લગાવવો.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં વેદના જણાય છે ત્યાં તું તને જાણ અને તારા અસ્તિત્વને ગ્રહણ કર. ત્યાં તું જ્ઞાનમાં તારા અસ્તિત્વને ગ્રહણ કર. કેમ કે નહિતર તને વેદનામાં તારું અસ્તિત્વ ગ્રહણ થાય છે. નહિતર શું થાય છે? કે વેદનામાં તારું અસ્તિત્વ તને ગ્રહણ થાય છે. આ તને બંધન છે. આનેથી બંધાય છે તું. જો તું જ્ઞાનમાં. અને તું જ્ઞાનનું અવલોકન કર તો તને જણાશે કે જ્ઞાન તો ગમે તે જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય તો જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે, જ્ઞાનને બીજું શું થઈ જાય છે? બતાવો કે જ્ઞાનને બીજું શું થઈ જાય છે? કે જ્ઞાનને કાંઈ થતું નથી.

જેમ અનેક સ્વાદ જીભ ઉપર આવવા છતાં જીભમાં ક્યો સ્વાદ રહી જાય છે એ કહો? એકેય રહી જાય છે? એ તો લુખ્ખી છે. એમ જ્ઞાન પણ સ્વભાવથી લુખ્ખું જ છે. અનેક જ્ઞેયો જણાવા છતાં કોઈપણ જ્ઞેયને એ સંઘરતું નથી. કોઈપણ જ્ઞેયના સ્વાદને અને જ્ઞેયના અનુભવને એ સંઘરતું નથી. ચાલ્યું જ જાય છે એના ઉપરથી. પ્રતિબિંબ આવે છે અને જાય છે, આવે છે ને જાય છે. જ્ઞાન જ્ઞાનપણે ધ્રુવ રહી જાય છે. જ્ઞાન જ્ઞાનપણે ધ્રુવ રહી જાય છે. જ્ઞાનમાં કોઈ વિકૃતિ થઈ શકતી નથી, કરી શકાતી નથી, આવી શકતી નથી. એમ જ્ઞાનનું સ્વરૂપ સમજાવે છે.

'**વિષયો પર છે. રાગ ક્ષણિક છે,...**' જે જ્ઞેયો છે તે તો ભિન્ન ક્ષેત્રે રહેલા ભિન્ન પદાર્થો જ છે. એ તો ચોખ્ખે ચોખ્ખા પરપદાર્થ છે અને રાગ તારી અવસ્થામાં થાય છે એ ક્ષણિકભાવ છે. કોઈ રાગ ધ્રુવ નથી. કોઈ રાગ તને સારો-સુહાતો રાગ પણ રહી શકશે નહિ. એને રાખી શકીશ નહિ. એ ચાલ્યો જશે. કેમ કે એ ક્ષણિક ચીજ છે, અલ્પ આયુવાળી ચીજ છે. ક્ષણભરમાં નાશ થવું એવું એનું સ્વરૂપ છે.

'**સ્વભાવમાં નથી...**' વળી તે પર એવા વિષયો અને રાગ બંને સ્વભાવમાં નથી. '**ને જ્ઞાનપર્યાય જ્ઞાન સ્વભાવવાનની છે.**' આમ લે છે. એક Paragraphમાં કેટલી વાતો ભરી છે! '**વિષયો પર છે. રાગ ક્ષણિક છે,...**' બંને સ્વભાવથી બહારની ચીજ છે, તારાથી જુદી જાતની જુદી ચીજ છે તદ્દન. '**ને જ્ઞાનપર્યાય જ્ઞાન સ્વભાવવાનની છે.**' જે જ્ઞાનની પર્યાય છે એ જે જ્ઞાનસ્વભાવ છે, એવો જે સ્વભાવવાન પદાર્થ છે એની જ્ઞાનની પર્યાય છે. જ્ઞાનસ્વભાવી આત્મા છે અને એની જ્ઞાનપર્યાય છે, એમ સ્વભાવવાનની એ જ્ઞાનપર્યાય છે. રાગની પર્યાયને આત્માની-સ્વભાવવાનની પર્યાય ન કહી.

જુઓ! ક્યાં કેટલો બધો ફરક છે અહીંયાં! કે કહેવાતા જૈન સંપ્રદાયમાં ત્રણેય ફીરકામાં રાગને ધર્મ માનીને, કોઈને કોઈ પ્રકારના રાગને ધર્મ માનીને આખું સંપ્રદાયનું ટોળું ઉપડ્યું છે ધર્મ કરવા. એને કહે છે કે બાપુ! (રાગ) તારા સ્વભાવમાં નથી. જે ચીજ તારા સ્વભાવમાં નથી તે તારો ધર્મ કેવી રીતે થઈ શકે એ તો બતાવ? એને તું તારો ધર્મ કેવી રીતે ગણીશ કે કરીશ? એ તો તારા સ્વભાવથી વિરુદ્ધ જાતિનો (ભાવ છે). તારો સ્વભાવ વીતરાગ સ્વભાવ અને રાગ તારાથી

વિરુદ્ધ જાતિનો ભાવ. તારા સ્વભાવની ચીજ જ નથી એ. આવી ભૂલ (કરે છે). એને મણમાં નવ પાશેરીની ભૂલ કીધી છે. આઠ પાશેરીની ભૂલ થાય તો પૂરેપૂરી ભૂલ કહેવાય. આઠ પાશેરીનો મણ થાય ને. આઠ પંચા ચાલીસ. આ તો વધારાની ભૂલ છે. નવ પાશેરીની ભૂલ છે. પણ માન્યતાએ એવા ઘર ઘાલ્યા છે કે કોઈ કહે કે આ તું રાગ કરે છો એ ધર્મ નથી. પણ અમે તો સંયમનો રાગ કર્યો છે. વ્રત, સંયમનો રાગ તો લોકોમાં પ્રશંસા પામે એવો રાગ છે ને? અમે તો સંયમ અંગીકાર કર્યો છે. અને અમને ધર્મ નથી એમ તમે કહો છો? જાવ તમારી વાત સાંભળવી નથી અમારે. એમ કહી દે.

ભાઈ! તારું સ્વરૂપ કોઈ જુદી જાત છે. અને તારા સ્વરૂપનો સ્વરૂપ ધર્મ એ કોઈ જુદી જાત છે. તું જે રાગના રસને રગડે છો કોઈપણ બહાને, તારા આત્માથી દૂર જવાની વાત છે. જુઓ! નકુલ અને સહદેવને શ્રેત્રુંજય પર્વત ઉપર શુભરાગ થયો. કેટલો થયો? કેવો નજીવો થયો છે. એ પોતાના દેહ સંબંધી નથી થયો. કેમ કે મુનિ હતા ને. ભાવલિંગી મુનિ હતા એ તો. અરેરે..! આ ધર્માત્માઓનું શું થતું હશે? ધર્મરાજા યુધિષ્ઠિર, ભીમ, અર્જૂનને શું થતું હશે? આવો ઉપસર્ગ કર્યો? કાળોકેર કર્યો છે. દૂર્યોધને ઉપસર્ગ કર્યો હતો. ઓલા લોકો ધ્યાનમાં ડૂબી ગયા છે ત્રણેય. જેની ચિંતા થઈ એ તો ત્રણેય સ્વરૂપમાં ડૂબેલા છે. શ્રેણી માંડીને સિદ્ધાલયમાં ગયા. આને વિકલ્પ થયો તો ગયા સર્વાર્થસિદ્ધિની જેલમાં. હજી ત્યાં ને ત્યાં છે. અત્યારે પણ ત્યાં ને ત્યાં છે. ૩૩ સાગર ક્યાંથી હજી તો આ શ્રીકૃષ્ણના વખતમાં છે ને પાંડવો તો. ચોર્યાસી હજાર વર્ષ થયા. આ લોકો પાંચ હજાર વર્ષમાં. પણ ભગવાન નેમિનાથના કાળમાં. ૨૧માં તીર્થંકર છે ને? ૨૨માં નેમિનાથ, ૨૩માં પાર્શ્વનાથ. ક્રમ યાદ નથી આવતો. ચોર્યાસી હજાર વર્ષ થયા.

મુમુક્ષુ :- પાંચ હજાર વર્ષ થયા.

પૂજ્ય ભાઈશ્રી :- પાંચ હજાર વર્ષ થયા. નેમિનાથ અને મહાવીર ભગવાનને આંતરો કેટલો? ૨૫૦૦ વર્ષ થયા તો ભગવાને થયા? એ પહેલા ૨૫૦૦ વર્ષ જ થયા હતા? કે કેટલા થયા હતા? ચોથા આરામાં.

મુમુક્ષુ :- પાંચમા-છઠ્ઠાનું માપ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાંચમા-છઠ્ઠાનું માપ નહિ, આ તો પાંડવોની હયાતી હતી ત્યારે હતી.

તો કહે છે કે ૩૩ સાગર તો હજી પૂરા નથી થયા. જે ગણાય એ હજારોમાં છે ને ચાલો હવે. આ તો અસંખ્ય અબજ વર્ષ જાય છે. ૩૩ સાગર એટલે અસંખ્ય અબજ વર્ષ જાય છે. ત્યાં ને ત્યાં સુધી એ સર્વાર્થસિદ્ધિમાં ચોથા ગુણસ્થાનથી બહાર નહિ જઈ શકે. ચોથા ગુણસ્થાનથી આગળ નહિ વધી શકે. પાંચમું નહિ આવે. છઠ્ઠે-સાતમેથી નીચે ગયા છે. રાગ થયો છે. આયુષ્ય છોડ્યું છે. છઠ્ઠે-સાતમેથી ગયા છે ચોથે ગુણસ્થાને. પણ દોષ છે. દોષ છે તે દોષ છે. આમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આવે તો દોષ થાય અને દોષ થાય તો આ સ્થિતિ થાય. વિકલ્પ આવે ત્યારે એનું મુનિપણું નાશ ન થાય. તે કાળે મુનિપણાનો નાશ ન થાય. તે વિકલ્પ મુનિપણાની સ્થિતિને ત્યાં ઘાત કરતો નથી.

મુમુક્ષુ :- ગુરુની જગ્યાએ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભલે ગુરુની જગ્યાએ ગમે તે હોય નહિ. પણ પર પ્રત્યેનો વિકલ્પ રાગ છે અને રાગ છે તે દોષ છે. પછી દોષની મર્યાદા એટલી કે તે વખતની મુનિદશાને હણતો નથી એ રાગ. એટલો મંદ છે છતાં તે વખતની મુનિદશાને હણતો નથી. પણ એ રાગે સિદ્ધિને તો રોકી જ છે. જે સિદ્ધાલયમાં જવાની સિદ્ધદશા એ સિદ્ધની જે સિદ્ધિ છે એને તો રોકી લીધી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સાચી વાત છે. રાગનો મોટો સમુદ્ર છે. સ્વયંભુરમણ સમુદ્ર જેવો સમુદ્ર છે. કેવડો રાગનો સમુદ્ર છે? કે સ્વયંભુરમણ સમુદ્ર જેવો સમુદ્ર છે રાગનો. જે આત્માઓ અંતરંગમાં ભેદજ્ઞાન કરીને રાગથી ભિન્ન પડ્યા તે સ્વયંભુરમણ સમુદ્રને તરી ગયા, એમ કહે છે. એવું એનું અપૂર્વ પરાક્રમ છે. શ્રીમદ્જી

એને એમ કહે છે કે ભુજાએ કરીને એ સ્વયંભુરમણ સમુદ્રને તર્યા છે. દસ હજાર સુભટને એકલે હાથે હરાવવા સહેલા છે, રાગથી ભિન્ન પડવું અને રાગને જીતવો એ એટલો સહેલો નથી. એ વાતો કરી છે.

ગુરુદેવે તો આ એક જ વિષય ઉપર ૪૫ વર્ષ સ્પષ્ટિકરણ કર્યું છે. કેમ રાગથી ભિન્ન પડવું અને કેમ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવું? આટલી વાત લીધી. આના ઉપર ૪૫ વર્ષ વ્યાખ્યાન આપ્યા.

શું કહે છે? કે જીવને રાગનો સ્વાદ છે અને જ્ઞાનનું જ્ઞાન છે. તે '**વિષયો પર છે. રાગ ક્ષણિક છે, સ્વભાવમાં નથી ને જ્ઞાનપર્યાય જ્ઞાન સ્વભાવવાનની છે.**' આમ દરેકને પોતપોતાના ખાતામાં ખતવવામાં જોઈએ. પરપદાર્થને પરપદાર્થના ખાતામાં નાખવું જોઈએ. રાગને રાગના સ્થાનમાં રહેવા દઈને પોતે જ્ઞાનસ્વભાવી છે એની જ્ઞાનની પર્યાય દ્વારા એણે પોતાને પોતાનું વેદન કરવું જોઈએ. પોતાને પોતાનો અનુભવ કરવો જોઈએ. આ શાંતિની રીત છે. બીજી કોઈ ત્રણ કાળ ત્રણ લોકમાં શાંતિ આત્મશાંતિની રીત નથી. મનની શાંતિ મનોરંજન કરીને ઘડીકવાર તું લઈ લઈશ. પણ એમાં પાછો તારો અશાંતિનો રોગ મટશે નહિ.

એ તો બહુ બળતરા થતી હોય અને કોઈ ઉપરથી ફૂવારો છાંટે. આ Spirit ઠંડુ હોય છે ને? Spiritનો ફવિંારો છાંટે છે ડોક્ટરો. એ શીતળ ઘડીક ઠીક લાગે પણ પાછી બળતરા ઉપડે. કારણ કે છે તો પાછું Spirit. એમ મનોરંજનથી ઘડીક તને શાંતિ લાગશે. અથવા ઉપર ઉપરના ન્યાયથી તારો કષાય મંદ થશે ત્યારે તને એમ લાગશે કે આ જ્ઞાનમાં ન્યાયો સમજાણાને એટલત મને શાંતિ રહે છે. પણ તારો ધ્રુવ ધામનો આશ્રય લીધા વિના અને જ્ઞાનને વેદ્યા વિના, અંદરમાં સાવધાન થઈને આત્માને હુંપણે વેદ્યા વિના કોઈ મૂળમાંથી અશાંતિ મટે નહિ અને આત્માની શાંતિ ઉત્પન્ન થાય નહિ.

'**જ્ઞાનપર્યાય જ્ઞાન સ્વભાવવાનની છે. એમ રાગ રહિત નિત્ય જ્ઞાનસ્વભાવીની દષ્ટિ થાય.**' પાછી આમાં જ્ઞાનપર્યાય જ્ઞાનસ્વભાવની છે એમાં પર્યાયને પકડાવવી નથી. અહીંથી લીધું. '**એમ રાગ રહિત નિત્ય જ્ઞાનસ્વભાવીની દષ્ટિ થાય.**' સ્વભાવની દષ્ટિ થાય, સ્વભાવિક તત્ત્વની દષ્ટિ થાય તો એને ધર્મ થાય. એમ કહેવું છે. ત્યાં સુધી ધર્મ થાય એવું નથી.

'**આમ સમજે તો નિમિત્તબુદ્ધિ...**' એટલે પરપદાર્થમાં હુંપણાની બુદ્ધિ એને નિમિત્તબુદ્ધિ કહે છે. જે જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે તે જ્ઞાનમાં નિમિત્ત છે. તે નિમિત્તમાં હુંપણાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. તે નિમિત્તબુદ્ધિ છૂટે. રાગ થાય છે એને હુંપણે વેદે છે, અનુભવે છે તે રાગબુદ્ધિ છે. એ રાગબુદ્ધિ પણ છૂટે અને સ્વભાવબુદ્ધિ થાય. જ્ઞાનસ્વભાવી હું આત્મા છું એમ સ્વભાવમાં હુંપણું કરતાં સ્વરૂપનું સ્વસંવેદન અને સ્વરૂપનું સંચેતન ઊભું થાય એને સ્વભાવબુદ્ધિ થઈ એમ કહેવામાં આવે છે. સ્વભાવમાં હુંપણું થયું એમ કહે છે. ત્યારે ધર્મ થાય. ત્યારે એણે સમ્યક્ પ્રકારે વિષયકષાય ઉપર જીત મેળવી, ત્યારે તે જૈન થયો. ત્યાં સુધી જૈનપણું નથી. જૈન તો ત્યારે છે. સંપ્રદાયમાં જન્મે તેથી જૈન એવું તો જૈનધર્મમાં નથી. સંપ્રદાયમાં ભલે હોય પણ ધર્મમાં તો એવું નથી. ધર્મ જુદી ચીજ છે, સંપ્રદાય જુદી ચીજ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નક્કી કરી લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈને એવું કાંઈ Title દેવાથી શું ફાયદો છે? દુઃખ થાય કો'કને. અમે જૈન નથી એમ કહો છો? શું અમે અજૈન છીએ? ભાઈ! જૈનપણું તો આમ થાય છે. આત્મસ્વભાવમાં સ્વભાવબુદ્ધિ થતાં જૈનપણું થાય છે. જૈનપણું એ કાંઈ સંપ્રદાય અને કુળધર્મનો પ્રકાર નથી કે એનાથી જૈનપણું આવી જાય છે. એવું તો કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- વેપારી વાણિયા કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- વેપારી વાણિયા કહેવાય એમ? વેપાર કરે. નીતિનો કરે છે કે અનીતિનો કરે છે વેપાર? એવું છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



**પ્રશ્ન :-** અંતર્મુખ વલણ થાય છે, પણ તે એક ધારાએ રહેતું નથી, છૂટી જાય છે, તો તેના માટે શું કરવું?

**સમાધાન :-** અનાદિનો એકત્વનો અભ્યાસ થઈ રહ્યો છે, એટલે આ મુશ્કેલ થઈ ગયું છે. સ્વથી એકત્વ ને પરથી વિભક્ત એવો પોતાનો સ્વભાવ સહજ છે તો પણ અનાદિનો અભ્યાસ-ટેવ થઈ ગઈ છે તેથી એકત્વ સહેજે થઈ જાય છે અને એમ ચાલુ જ રાખે તો સહજ થાય. શરૂઆતમાં પ્રયત્ન કરી કરીને તે અભ્યાસ ચાલુ રાખે તો જ દૃઢ થાય.

મુમુક્ષુ :- શરૂઆતમાં ભેદજ્ઞાનનો અભ્યાસ સહજ કેમ ચાલતો નથી?

બહેનશ્રી :- હું જુદો છું એમ સ્વભાવ ગ્રહણ કરીને અભ્યાસ ચાલુ રાખે તો પછી તેને સહજ થવાનો અવકાશ છે. આત્મા સહજ સ્વભાવે છે અને તેના જ્ઞાન-દર્શન-ચારિત્ર પણ સહજ છે-બધું સહજ છે, પણ તે તરફ પ્રયત્ન નથી વળતો તેથી મુશ્કેલી પડે છે. તેણે શરૂઆતમાં પ્રયત્ન કરી કરીને પોતા તરફ વળવું પડે છે, પછી તો તેનો સ્વભાવ સહજ છે. તેથી પોતા તરફ તેની પરિણતિ સહેજે આવે છે. પહેલાં પરિણતિને પ્રયત્ન કરી કરીને પોતા તરફ વાળવી પડે છે, કેમ કે અનાદિનો અભ્યાસ છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૫૮૭)**

❈

**પ્રશ્ન :-** ઉપદેશ સાંભળીને વૃત્તિમાં મજબૂતી આવતી નથી તેનું કારણ શું?

**સમાધાન :-** મજબૂતી નહિ આવવાનું કારણ પોતે જ છે, બીજો નથી. પોતે મજબૂતી લાવે તો આવે. અનાદિના એના એ અભ્યાસમાં ચાલ્યો જાય છે ને સ્વરૂપ દેખાતું નથી એટલે મજબૂતી આવતી નથી. પણ આત્માને લક્ષણથી ઓળખીને નક્કી કરવો જોઈએ. જે આત્મા સુખ-આનંદ ઇચ્છી રહ્યો છે તે પોતે સ્વયં સુખરૂપ છે. તે બહારથી સુખ ઇચ્છતો, સુખની-આનંદની ઝંખના કર્યા કરે છે; પણ સુખ બહારથી મળતું નથી, અને આકુળતા આકુળતા રહ્યા કરે છે. સુખને ઇચ્છનારો પોતે જ સુખસ્વરૂપ છે. માટે બહારનો આશ્રય છૂટી જાય અને પોતે એકલો જ રહી જાય તો પોતામાંથી સુખ અને આનંદ પ્રગટે છે અને તે નિર્ણય પોતે કરે તો થાય છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૫૮૮)**

❈




**૮૫૧**

**મોહમયી ક્ષેત્ર, કારતક સુદ ૧૪, ગુરુ, ૧૯૫૫**

**'માનસિક વૃત્તિ કરતાં ઘણાં જ પ્રતિકૂળ માર્ગમાં હાલ પ્રવાસ કરવો પડે છે. (ઉદયભાવને) તપ્તહૃદયથી અને શાંત આત્માથી સહન કરવામાં જ હર્ષ માનું છું.'**

પોતાના અભિપ્રાયથી વિરુદ્ધ, બાહ્ય પરિસ્થિતિને અનુસરીને પ્રવર્તવું પડે છે, તે સંબંધમાં આ વચનામૃત ગૂઢ ભાષામાં લખાયેલું છે.

પોતાનો અભિપ્રાય તો પૂર્ણ વીતરાગ થવાનો છે, અને તદ્‌અનુસાર અધ્યાત્મદશાની પ્રાપ્તિ થઈ છે. એક પણ વિકલ્પ, આંખમાં કણું ન ખમાય ત્યાં રેત ઉપાડવાની જેમ, વર્તમાન નિરાકુળદશાને પ્રતિકૂળ છે, અર્થાત્ અનેક વિકલ્પોવાળી પ્રવૃત્તિમાં પસાર થવું પડે છે; તેવો પ્રવાસ અંતરદશાથી ઘણો જ પ્રતિકૂળ છે. તે સંબંધી ઉદયભાવોને તપ્તહૃદયથી છતાં આત્મશાંતિપૂર્વક સહન કરી લેવા અને એ પ્રકારે પૂર્વ પ્રારબ્ધનો અંત લાવવામાં હર્ષ માનવો–આમ પરસ્પર વિરુદ્ધ અંશવાળા ભાવો પરમાર્થે અવિરોધપણાને પ્રાપ્ત થઈ આત્મલાભરૂપ થાય છે, તે સમ્યક્ સમાધાનરૂપ જાણવા યોગ્ય છે.

ઉક્ત વચનામૃતમાંથી કૃપાળુદેવની દશામાં આત્મશાંતિનો સવિશેષ વિકાસ પ્રદર્શિત થાય છે.



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૧૩)

**અજમેર**
**૧૭-૧-૫૪**

**આત્માર્થી... સોનગઢ, ધર્મસ્નેહ.**

આપનો પત્ર મળ્યો, સમાચાર ખ્યાલમાં લીધા. આ દિવસોમાં સોનગઢનું વાતાવરણ વિહારના અદ્‌ભુત ઉમંગોથી ભર્યું-ભર્યું હશે. સર્વશ્રેષ્ઠ નેતા સહિત મોક્ષમંડળી સ્થાને સ્થાને વિજયનો સ્તંભ રોપવા જઈ રહી છે. – આ વિચાર હૃદયને ખૂબ ઉલ્લાસમય બનાવે છે. દુર્ભાગ્યવશ મને આવા અવસરે ત્યાં નહિ રહેવાનો ખેદ વર્તે છે. આશા છે કે, 'ગુરુદેવશ્રી'નું આત્મ-સ્વાસ્થ્ય તેમ જ શારીરિક સ્વાસ્થ્ય નિરંતર વૃદ્ધિગત હશે.

આપે મને અહીંની વ્યાવસાયિક પરિસ્થિતિ બાબત પૂછ્યું, તો આ વિષયમાં આપને લખવાનો વિચાર નથી આવતો. અમારો પાયો તો મુક્તિરસના વિચારો પર પડ્યો છે, બીજા વિચારોમાં આપને રસ આવે એ મને ઠીક લાગતું નથી. અત્યારે કાર્યવશ પત્ર બંધ કરું છું. આપનો પ્રોગ્રામ લખતા રહેજો. સ્વસ્થાનને મુખ્ય રાખીને જ પર સ્થાનોના ક્ષણિક વિકલ્પોનું સહજ જ્ઞાન થતું રહે એ જ ઈચ્છા.

**ધર્મસ્નેહી નિહાલચન્દ્ર**